**આંક–૧ ચાર્જશીટ નીચે હુકમ**

**ફોજદારી કેસ નંબર:૧૧૮૫/૧૬**

////////////////////////////////////////////

આ કામે ફરીયાદ પક્ષે આરોપી/ઓ ઉપર જુગાર પ્રો.ક. ૬૬(૧)બી, ૮૫(૧)(૩) ની જોગવાઈ હેઠળનો આરોપ મુકેલ છે આ ગુનામા આરોપીની હાજરી સુનીશ્ચીત થાય અને આ ગુનાના કામની ઈન્સાફી કાર્યવાહી આગળ વધે તે સારૂ અદાલતે આરોપીને રજુ રાખવા ફરીયાદ પક્ષને અનેકવાર પ્રોસેસ ઈસ્યુ કરી આરોપીને હાજર રાખવા જણાવવામા આવેલુ છે પરંતુ આરોપી ફરીયાદ પક્ષને મળી આવતા નથી અને આ કામમાં કોઈ પ્રગતિ થતી નથી હાલનુ કામ જુનું કામ છે અને આરોપીને હાજર રખાવવા ફરીયાદ પક્ષને પુરતી તક આપેલી છે પરંતુ ફરીયાદ પક્ષ આ કામના પ્રોસેસની બજવણી કરી શકતી નથી અને આ કામ લાબા સમયથી પેન્ડીગ પડી રહેલ છે અને હવે પછી વધુ આ કામને લબાણે પાડવુ ન્યાયોચિત માનવામા આવતુ નથી આ પ્રકારના કેસમા અદાલત સામાન્ય રીતે આરોપી મળી આવે અને ગુનો કબુલ કરે તો પણ હળવી રકમનો દંડ કરતી હોય છે આમ આ ગુનાના આરોપીને શોધી ટ્રાયલ ચલાવવા સરકારશ્રીને ઘણુ મોટુ આર્થિક નુકશાન સહન કરવાનુ આવે તે બાબત નજર સમક્ષ રાખતા આ ગુનાના કામમા પ્રગતી થઈ શકતી ન હોઈ આવા નજીવા ગુનાના સમરી ટ્રાયલ કેસમા નામ. અદાલતનો કિંમતી સમય વ્યતીત થતો હોઈ આ કેસને આગળ ચલાવવો ન્યાયોચિત માનવામા આવતો નથી વળી આ પ્રકારના કેસો પાછા ખેંચવા માટે ગુજરાત સરકારના ગૃહ વિભાગના પરીપત્ર ક્રમાંક કપખ/૩૨૭૯/૪૯૨૯/ભાગ:૩–ન તા.૦૧/૦૧ /૨૦૦૧ ના પરીપત્રથી ફરીયાદપક્ષે આવા કેસો પાછા ખેચવા પરીપત્ર કરેલો છે માટે આ પરીપત્રને નજર સમક્ષ રાખતા આ ગુનાના કામની ઈન્સાફી કાર્યવાહી આગળ ચાલતી ન હોઈ અને કામમા કોઈ પ્રગતિ ન હોઈ ફરીયાદ પક્ષની કસુરે આ કામની ન્યાયીક કાર્યવાહી આ તબકકે પડતી મુકવી જોઈએ તેવુ આ અદાલતનુ માનવુ હોઈ નીચે મુજબનો હુકમ ફરમાવવામા આવે છે.

::આખરી હુકમ::

આ કામના આરોપી/ઓ સામેની પ્રો.ક. ૬૬(૧)બી, ૮૫(૧)(૩) નાગુનાની ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૨૫૮ તળે પડતી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આ ગુનાના આરોપી જો પાછળથી મળી આવે તો તેમના વિરુધ્ધની ઈન્સાફી કાર્યવાહી ફોજદારી સંહિતાની કલમ૩૦૦(૫) અન્વયે કરવાની પરવાનગી આપેલી ગણાશે.

મુદામાલ અંગે વચગાળાનો હુકમ થયેલ હો તો તે કાયમ કરવામા આવે છે.

મુદામાલ પાવતીમા જણાવેલ બીનકિમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો જયારે કિંમતી મુદ્દામાલ રોકડ દાગીના જો હોય તો તેને શ્રી સરકાર ખાતે ખાલસા (દાખલ) કરવો.

હુકમ આજ રોજ તારીખ ૦૮/૧૨/૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ:અમદાવાદ

તારીખ: ૦૮/૧૨/૧૮

(ડી.એસ.ડાભી)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬, અમદાવાદ